# મનપાની આજે પ્રથમ પેટા-ચૂંટણીનું મતદાન

**સવારે ૮ થી મતદાન શરૂ થશે : તમામ તૈયારીઓ પૂર્ણ : ૧૬ વિડીયોગ્રાફર મતદાનમથકોની વિડીયોગ્રાફી કરશે**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકાની વોર્ડ નં. ૩ ની પ્રથમ પેટા-ચૂંટણીને લઈ તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે તેમજ ૨૪ મતદાન મથકો પર પોલિંગ પાર્ટીઓ પણ પહોંચી ગઈ છે.

સવારે ૮ વાગે મતદાન શરૂ થતાં પહેલા ૭ વાગે મોકપોલ રાજકીય પક્ષોના એજન્ટોની હાજરીમાં યોજાશે અને પછી તે ડીલીટ કરી દેવામાં આવશે. બરાબર ૮ વાગે મતદાન શરૂ થશે અને સાંજે પાંચ વાગ્યે આ મતદાન સંપન્ન થશે.

૧૫૦ થી વધુ પોલિંગ કર્મચારીઓ આ ચૂંટણીમાં ફરજ બજાવશે. જો કે આ વોર્ડમાં એક પણ સંવેદનશીલ કે અતિ સંવેદનસીલ મતદાન મથક આવેલ નથી.

જો કે તંત્રએ આ વખતે થનાર મતદાન પ્રક્રિયાની વિડીયોગ્રાફી કરવાનો નિર્ણય કર્યો છે અને આ માટે ૧૬ જેટલા વિડીયોગ્રાફર દ્વારા આ વિડીયોગ્રાફી મતદાન મથક અને તેની બહાર કરવામાં આવશે. આ ઉપરાંત પોલીસ બંદોબસ્ત પણ સઘન રાખવામાં આવ્યો છે જેથી કોઈ અપ્રિય ઘટના બને નહિ અને લોકો શાંતિપૂર્ણ રીતે નિષ્પક્ષ-નિર્ભય બની મતદાન કરી શકે.

આ પ્રથમ પેટા-ચૂંટણી મનપાની રચના પછી યોજાઈ રહી છે. ભાજપ-કોંગ્રેસ એન.સી.પી. અને અપક્ષ ઉમેદવાર મેદાનમાં છે. ઈ.વી.એમ.થી આ ચૂંટણી યોજાશે. તંત્રએ શાંતિપૂર્ણ ચૂંટણી સંપન્ન થાય તે માટે જરૂરી તમામ પગલાંઓ લીધા છે.

આ વોર્ડમાં ૧૮ હજારથી વધુ મતદારો નોંધાયેલા છે. ૨૪ બુથ છે. મનપાની પ્રથમ પેટા-ચૂંટણી હોવાથી તંત્રએ પણ પુરતી તૈયારીઓ કરી છે અને રાજકીય ઉત્તેજનાઓ સમગ્ર શહેરમાં જોવા મળી રહી છે.

## મિત્રમંડળની રાજનીતિએ પેટા-ચૂંટણીમાં અનોખી ઉત્તેજના જગાવી છે

**ભાજપને નોટાનો ભય છે તો કોંગ્રેસે એક ટીમ બની પ્રચાર અભિયાન કર્યુ : એન.સી.પી.ની ઉમેદવારી એ રાજકીય ગરમાવો વધાર્યો છે**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાની પ્રથમ પેટા-ચૂંટણીએ પાટનગરના રાજકીય વર્તુળોમાં ગરમાવો લાવી દીધો છે. પ્રચાર અભિયાન શાંત રહ્યુ છે પણ રાજકીય ગરમાવો ચરમસીમાએ છે.

આ પેટા-ચૂંટણીમાં ભાજપને નોટાનો ભય વધુ સતાવી રહેલો જોવા મળ્યો છે તો આંતરિક વિખવાદોમાં પણ પક્ષ અટવાયેલો જોવા મળ્યો છે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષ આ પેટા-ચૂંટણીમાં એક ટીમ તરીકે કામ કરી અને નગરજનોના દિલ જીતવામાં સફળ રહેલ છે. કોંગ્રેસ પક્ષ દ્વારા ભાજપને જે ટક્કર આપવામાં આવી રહી છે તેનાથી સત્તાધારી પક્ષમાં પણ તે ખાનગી ચર્ચાનો મુદ્દો બન્યો છે.

ભારતીય જનતા પક્ષના ઉમેદવારની પસંદગી સામે કાર્યકરોમાં ગણગણાટ વધુ જોવા મળી રહ્યો છે.

તો આ ચૂંટણીમાં એન.સી.પી.એ પ્રથમવાર તેના ઉમેદવારને મુકી સૌને ચોંકાવી દીધા છે. અપક્ષ ઉમેદવાર પણ મેદાનમાં છે. બધા જ ઉમેદવારે ડોર ટુ ડોર અભિયાન પર ભાર જ મુક્યો છે.

ભાજપના કાર્યકોરનો ગણગણાટ જે રીતે જોવા મળી રહ્યો છે તે જોતાં ભાજપને નોટાનો ભય વધુ સતાવી રહ્યો છે. મનપાની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસની આખી પેનલ જીતી હતી તો બીજી સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસના પ્રવિણ પટેલ પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણાને પરાજય આપી

● અનુસંધાન પાન-૭ પર

### મનપાના જંગની કુછ ખાટી-મીઠી વાત

- ગાંધીનગર મહાનગરપાલિકાની વોર્ડ નં. ૩ની પેટા ચૂંટણીને લઈ આજે કેન્દ્રીય રાજયમંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા તેમજ ભાજપના અગ્રણી હર્ષદ પટેલ સાંજના સુમારે ભાજપના કાર્યાલયે પહોંચ્યા હતા અને કાર્યકરો સાથે બેઠક કરી હતી.
- પેટા-ચૂંટણીના કોંગ્રેસના ઉમેદવાર મિત્તુલ જોશી પણ આજે ચેતના સંમેલનમાં ટાઉનહોલ ખાતે પહોંચ્યા ત્યારે કોંગી નેતા હાર્દિક પટેલે તેમને શુભેચ્છા પાઠવી હતી તો પક્ષના વરિષ્ટ શક્તિસિંહ ગોહિલે વિજયી થવાના આશિષ સાથે શુભેચ્છા પાઠવી હતી.
- બન્ને પક્ષના કાર્યકરો અને આગેવાનો દ્વારા મોડી સાંજથી બુથ મેનેજમેન્ટને લઈ બેઠકોનો દોર શરૂ થયો છે.

## જિલ્લા ભાજપ દ્વારા જિલ્લામાં ૨૫ હજારથી વધુ નવા સદસ્યો નોંધાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલ સદસ્યતા અભિયાનમાં જિલ્લાના ચારેય તાલુકામાં થઈ અત્યાર સુધીમાં ૨૫,૧૩૧ નવા સદસ્યોની નોંધણી થઈ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં સૌથી વધુ નવા સદસ્યો દહેગામ તાલુકામાં નોંધાયા છે. જ્યારે માણસામાં સદસ્ય નોંધણી અભિયાન થોડુક ધીમુ ચાલી રહ્યુ છે.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દહેગામમાંથી અત્યાર સુધીમાં ૮૯૪૦ નવા સદસ્યો નોંધાયા છે. ગાંધીનગર તાલુકામાંથી ૮૫૪૦ નવા સદસ્યો નોંધાયા છે. કલોલ તાલુકામાંથી ૫૫૮૧ અને માણસા તાલુકામાંથી ૨૦૭૦ નવા સદસ્યો નોંધાઈ ચુક્યા છે.

જિલ્લાને ૪૪ હજારથી વધુ નવા સદસ્યો નોંધવાનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો પણ જિલ્લામાં ૫૦ હજારનો આંક સદસ્ય નોંધણીને વટાવી જશે તેમ ભાજપના સૂત્રોનું કહેવું છે.

હાલ જુદા જુદા મંડળો અને તાલુકાકક્ષાએ તાલિમના કાર્યક્રમો પુરા થયા છે. તો ૨૩ થી ૨૮ સપ્ટેમ્બર દરમ્યાન વિસ્તારકો દ્વારા આ અભિયાનને વેગીલુ બનાવવામાં આવનાર છે. આ ઉપરાંત ૨૮ થી ૫ ઓગષ્ટ દરમ્યાન ખાસ અભિયાન અંતર્ગત આ ઝુંબેશ આગળ વધશે ત્યારે જિલ્લામાં ૫૦ હજારથી પણ વધુ નવા સદસ્યો નોંધાઈ ચુક્યા હશે તેમ સંગઠનના વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યુ છે.

## ગાંધીનગર જિલ્લા પંચાયતમાં તલાટીઓની બદલીના હુકમો થયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે તલાટીઓની બદલીનો વધુ એક ગંજીફો ચીપવામાં આવ્યો છે.

આજે ૧૪ જેટલા તલાટીઓની બદલીના હુકમો મોડી સાંજે જારી કરવામાં આવ્યા હતા. ગત સપ્તાહે જિલ્લામાં ૪૦ થી વધુ તલાટીઓની બદલી પછી આ વધુ એક વખત ગંજીફો ચીપવામાં આવ્યો છે. પંચાયતની કેટલીક કેડરોમાં પણ બદલીઓનો ગંજીફો ચીપવાની કવાયત હાલ તંત્ર કરી રહ્યું છે. જો કે હવે બદલીનો દોર ટુંકમાં હાથ નહિ ધરાય તેવું પણ સૂત્રોનું કહેવુ છે.




સૌની દિવાલ - આજે માણસ ને માણસની જરૂર છે તેમ કહી શકાય. જ્યારે કોઈ વસ્તુ ખરીદવા માટે સક્ષમ ના હોય ત્યારે કોઈ તેને મદદ કરે છે. કયારેક એને માંગવું પણ પડે છે. પણ વગર માંગ્યે જે જોઈતું હોય તે મળી જાય અને આપવાવાળાને પણ જે આપવું હોઈ તે આપી શકે તેવું ગાંધીનગરમાં આવેલ બિરસા મુંડા ભવન પાસે સેંટ ઝેવિયર્સ જવાના રસ્તા પર 'સૌની દિવાલ' બની છે. જ્યાં પુસ્તકો કપડાં અનાજ રમકડાં નાસ્તો જેવી ચીજવસ્તુઓ જેને આપવી હોય તે આ બોક્સમાં મૂકી શકે છે અને જેને જરૂરિયાત હોય તે આ બોક્સમાંથી વસ્તુ લઈ શકે છે.....

## ગાંધીનગરના જન્મદિવસે લાંબા અંતરની ટ્રેઈન શરૂ કરવા રજુઆત

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર રેલવે સ્ટેશન પરથી મુંબઈ સહીત દેશના અન્ય મોટા શહેરો સાથે જોડાણ કરવા માટે નવી ટ્રેઈન શરૂ થાય તે માટે શહેર વસાહત મહામંડળે પ્રધાનમંત્રીને પત્ર લખ્યો છે. જેમાં ગાંધીનગર સ્ટેશનનુ મુંબઈ સાથે જોડાણ કરવા માટે ગુજરત મેઈલ, ગુજરાત ક્વિન સહીતની ટ્રેઈન ગાંધીનગર સ્ટેશન પરથી પસાર થાય તેવી માંગણી પણ મહામંડળે કરી છે. ગાંધીનગરના જન્મદિવસે કેપિટલ સ્ટેશનને લાંબા અંતરની ટ્રેઈન આપવાની જાહેરાત થાય તેવી પણ અપેક્ષા તેમણે વ્યકત કરી છે.

ગાંધીનગર કેપિટલ સ્ટેશનને નવી ટ્રેઈન મળે તે માટે શહેર વસાહત મહામંડળે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમજ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને પત્ર લખી રજુઆત કરી છે. ગાંધીનગરમાં રેલવે સ્ટેશન પાસે ફાઈવ સ્ટાર હોટલના નિર્માણની કામગીરીનુ કામ તેજ ગતિએ ચાલી રહ્યુ છે. ગાંધીનગર સ્ટેશન છેલ્લા ચાર દાયકાથી વિકાસના અભાવે હાંસિયામાં ધકેલાયેલુ રહેતા સ્ટેશન વિસ્તારમાં પણ પ્રાથમિક સુવિધાઓનો અભાવ વર્તાઈ રહ્યો છે.જો કે હોટલની કામગીરીની સાથે સ્ટેશનના વિકાસ માટે પણ નવતર આયોજન કરવામાં આવતા સ્ટેશન વિસ્તારની કાયાપલટ થશે. ગાંધીનગર સ્ટેશન પર હાલ

**ભાવનગર - ઉધમપુરની ટ્રેઇન શરૂ કરાયા બાદ આભારની લાગણી વ્યકત કરી કેપિટલ સ્ટેશનનુ મુંબઇ સહીતના મોટા સેન્ટરો સાથે જોડાણ થાય તે માટે મહામંડળે પ્રધાનમંત્રીને પત્ર લખ્યો**

● અનુસંધાન પાન-૭ પર

## વરસાદના વિરહ વચ્ચે ગરમીનો પારો ૪૦.૮ ડીગ્રી

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં વરસાદની ગેરહાજરી વચ્ચે ગરમીનુ સામ્રાજય છે. છેલ્લા ચાર દિવસમાં ગરમીનો પારો પાંચ ડીગ્રી ઉંચકાયો છે. આજે મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રીની નજીક પહોંચી જતા શહેરીજનો આકરા બફારાથી તોબા તોબા થઈ ગયા હતા. વાંરવાર આકાશી નઝારો નિખારીને વિખેરાઈ જતા વરસાદી વાદળો પણ અદ્રશ્ય થઈ ગયા છે. આવા સંજોગોમાં વરસાદી દિવસોમાં ગરમીના આક્રમક મિજાજથી બેચેન છે.

ગાંધીનગરમાં છેલ્લા ૧૫ દિવસથી હાથતાલી આપતા વરસાદના લીધે જુલાઈ મહીનાના અંતે પણ વરસાદ અદ્રશ્ય છે. આકાશમાં ગોરંભાતા વરસાદી વાદળો પણ વિખેરાઈ ગયા છે. રથયાત્રાએ અમીછાંટણા વરસાવી ગયેલા મેઘરાજા હજુ પણ રીસાયેલા છે. આકાશમાં ગોરંભાતા વરસાદી વાદળો હજુ સુધી મનમુકીને વરસ્યા નથી. આ દરમિયાન વારંવાર બદલાતા આકાશી નઝારા વચ્ચે ઘેરાતા વાદળો પણ અનેકવાર વિદાય લઈ વરસાદની આશ ઠગારી પુરવાર કરી અદ્રશ્ય થઈ ગયા છે. વરસાદની ગેરહાજરી સૌ કોઈ માટે ચિંતાનો વિષય બની ગઈ છે. આમ નાગરિકો ગરમીથી ત્રસ્ત છે.જયારે ખેડુતોમાં પણ નિરાશાનુ મોજુ ફરી વળ્યુ છે. શહેરમાં જુન મહીના દરમિયાન ડોકિયુ કરી ગયેલા મેઘરાજા હવે વરસવાનુ નામ લેતા નથી. જયારે છેલ્લા બે ચાર દિવસથી ગરમીનો પારો પણ આક્રમક બન્યો છે. મહત્તમ તાપમાન છેલ્લા ચાર દિવસમાં પાંચ ડીગ્રી વધ્યુ છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધુ રહે છે. જેના લીધે આકરા બફારાથી નગરજનો ત્રાહીમામ પોકારી ગયા છે. વરસાદી દિવસોમાં મેઘરાજાની ગેરહાજરી વચ્ચે મહત્તમ તાપમાન પણ આજે ૪૦ ડીગ્રીને પાર થઈ ગયુ હતુ. જેના લીધે નગરજનોએ આજે ઉનાળા જેવી અસહ્ય ગરમી અનુભવી હતી. આજે મહત્તમ તાપમાન ૪૦.૮ ડીગ્રી નોંધાયુ હતુ. ગરમીનો પારો છેલ્લા ચાર દિવસમાં પાંચ ડીગ્રી ઉંચકાતા નગરજનો આકરા ઉનાળાનો અહેસાસ કરી રહ્યા છે. વરસાદ તો આવતો નથી બીજીતરફ ગરમીએ માથુ ઉંચકતા નગરજનો બેબાકળા બની ગયા છે. આજે અસહ્ય ગરમી અને ઉકળાટ વચ્ચે નગરજનો બેબાકળા બની ગયા હતા. લઘુત્તમ તાપમાન પણ ૨૯.૬ ડીગ્રી રહ્યુ હતુ. દિવસ દરમિયાન આકરી ગરમી ટોક ઓફ ધ ટાઉન રહી હતી. અસહ્ય ગરમીથી નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ.



**ચાર દિવસમાં મહત્તમ તાપમાન ૫ ડીગ્રી વધ્યુ : ઉનાળા જેવી આકરી ગરમીથી ત્રસ્ત નગરજનો બેબાકળા : જુલાઇના અંતે પણ વરસાદના કોઇ વાવડ નથી**

વરસાદી દિવસોમાં રોજબરોજ નભ તરફ નજર માંડીને બેઠેલા ખેડુતો પણ મેઘરાજાની કાગડોળે વાટ નિહાળી રહ્યા છે. જયારે ગરમીથી ત્રસ્ત શહેરીજનો મેઘરાજા હવે મહેર કરે તે માટે પ્રાર્થના કરી રહ્યા છે. આજે ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારમાં કેટલાક ઠેકાણે વરસાદી ઝાપટા વરસ્યા હતા. પરંતુ ગાંધીનગરમાં વરસાદના કોઈ અણસાર વર્તાયો ન હતો. મોડી સાંજ સુધી ગરમીનુ જોર યથાવત રહ્યુ હતુ. આકરા ઉકળાટથી ત્રસ્ત નગરજનોનુ આરોગ્ય મોસમના વિચિત્ર મિજાજથી પ્રભાવિત છે.

## અંજલિ



**પરેશ પટેલ**
સ્વ. તા. ૨૧-૭-૧૯૯૩

આજે છવ્વીસ વર્ષના
વ્હાણા વાયા....
પણ,
તારી સ્મૃતિ હજુ પણ
અકબંધ છે...
સંબંધોના સંભારણાનું ભાથુ
હજુ પણ યથાવત છે...
દિવ્ય આત્માને ચિર શાંતિ માટે
**પરમતત્વને પ્રાર્થના....**

પ્રકાશ લાલા
ઘનશ્યામ પટેલ
નીતિન પટેલ

કૃષ્ણકાન્ત જહા
સંજીવ મહેતા

દિલીપ રાવલ
હિરેન ભટ્ટ
જાગૃતિ ત્રિવેદી

**Hiring!!!**

**QC Supervisor - 3**
Diploma (Mech.) / B.Sc / M.Sc (Micro) / B.Pharm with minimum 1 years of Quality Control experience. (Shift working)

**Operator ( Injection / Blow / Pipe Extrusion machine )- 7**
ITI- PPO / Diploma - Plastic with minimum 1 years of experience in plastic injection moulding / Blow / Extrusion machine operating. ( Shift working )

**Technician - 3**
ITI Electronic with 1 year of PCB Testing experience

**Carpenter (Mistry)- 2**
Carpenter (Mistry wok) with minimum 1 year of experience (Age - 18 to 30 year )

Interested candidate need to share their CVs on career@accumaximum.com or come for interview directly at below address ( Monday To Saturday Between 03.00 PM to 05.00 PM )

**ACCUMAX LAB DEVICES PVT. LTD.**
Plot No. 16, GIDC Electronic Park SEZ Kolavada Road, Gandhinagar-382026,Gandhinagar, Gujarat.
Contact :- 9979397363 / 8320828419

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2008 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
**ગ્રાફિક્સ ડિઝાઈનીંગ**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com